ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ૪ કરોડ લોકોને નર્મદાનું શુધ્ધ પાણી આપીએ છીએ : રૂપાણી

## બે વર્ષમાં સરકારી પડતર ગૌચરની ૫,૭૬,૧૧૦ ચો.મી. જમીન જિલ્લામાં વિવિધ હેતુ માટે ફળવાઈ : બે વર્ષમાં ૬૮૯૧ લોકોએ જમીન બિન ખેતી કરવા અરજી કરી : મહેસુલ મંત્રી

ગાંધીનગર, તા. ૬

રાજ્ય વિધાનસભામાં આજે પાણી પુરવઠા અને મહેસુલ વિભાગની પ્રશ્નોત્તરી દરમ્યાન સત્તાધારી ભાજપ અને વિપક્ષ વચ્ચે થોડીક ઉગ્રતા જોવા મળી હતી.

આજે રાજ્ય વિધાનસભામાં રાજ્યપાલશ્રીના પ્રવચન બદલ આભાર પ્રસ્તાવ પરની ચર્ચા જવાબ મુખ્યમંત્રીએ આપ્યો હતો.

વિધાનસભા ગૃહમાં આજે કોંગીના ડૉ. સી.જે. ચાવડાએ નળ દ્વારા પુરા પાડવામાં આવતા પાણીની ગુણવત્તાના મુદ્દે સારી એવી ચર્ચા થઈ હતી.



વિધાનસભામાં ગાંધીનગર - પ્રકાશ જહા

પાણી પુરવઠા મંત્રી બાવળિયાએ જણાવ્યુ હતુ કે ૧૫ જેટલા પેરા મીટર્સમાં ચકાસણી કરી અને પાણી પુરવઠો આપવામાં આવે છે.

મુખ્યમંત્રીએ પણ આ પ્રશ્નનમાં દરમ્યાનગીરી કરતાં જણાવ્યુ હતુ કે છેલ્લા ૩-૪ વર્ષથી હવે આપણે સંપૂર્ણ વરસાદી પાણી આધારિત થઈ ગયા છે. એક સમય હતો કે આપણે જમીન આધારિત પાણીનો ઉપયોગ કરતા હતા. રાજ્યમાં નવ હજાર ગામો અને શહેરોને મળી આપણે ૪ કરોડ લોકોને નર્મદાનું પાણી આપીએ છીએ.

● **બિનખેતીની મહેસુલી**

કોંગીના સુરેશ પટેલે ગાંધીનગર જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે કરાવેલ જમીન અન્વયે મહેસુલી બાકી લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યું છે કે કલોલ તાલુકામાં પ્રામામિક ઔદ્યોગિક હેતુ માટે મહેસુલ વસુલવાનુ બાકી છે તેવા રૂ. ૧,૩૬,૭૮૬ છે. તેમણે કહ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં ૪૪ ઈસમોને સંબંધિત તાલુકા પંચાયત દ્વારા જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૫૨ હેઠળ નોટીસ આપી વસુલાત માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આ વસુલાતની જવાબદારી જે તે તલાટી કમ મંત્રીની છે તેમ પણ પૂરક પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ છે.

● **પશુ દવાખાનાનું મહેકમ**

કોંગીના ડૉ. સી.જે. ચાવડાએ પશુ દવાખાના અને પશુસારવાર કેન્દ્રમાં મંજૂર મહેકમ સામે ખાલી જગ્યાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પશુપાલન મંત્રીએ જણાવ્યુ હતુ કે પશુ દવાખાનાઓમાં ડ્રેસર વર્ગ-૪ની ૬ અને પટાવાળા/ડ્રેસર કમ એટેન્ડેન્ટની ૧૦ જગ્યા મંજૂર મહેકમ સામે ખાલી છે.

પશુપાલન મંત્રીએ જણાવ્યુ હતુ કે પશુ સારવાર કેન્દ્રમાં પશુધન નીરીક્ષકની ૪ અને પટાવાળાની ૯ જગ્યાઓ ખાલી છે.

તેમણે કહ્યુ હતુ કે પશુ ચિકિત્સા અધિકારીની ભરતી ભરતી કેલેન્ડર મુજબ ભરવામાં આવનાર છે. પશુધન નિરીક્ષક વર્ગ-૩ની જગ્યા પંચાયત હસ્તક હોઈ પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ભરવાની થાય છે.

ડ્રેસર, પટાવાળાની મંજૂર થયેલ જગ્યાઓ જિલ્લા પંચાયત મારફત આઉટ સોર્સિંગથી કામગીરી લેવામાં આવતી હોય છે.

● **મજૂરોના વેલફેર ફંડમાંથી ખર્ચ**

કોંગીના સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં બાંધકામ મજૂરોના વેલ્ફેર ફંડમાંથી થયેલ ખર્ચ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમ અને રોજગાર મંત્રીએ જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં રૂ. ૧૫૪.૩૭ લાખનો ખર્ચ થયો છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૧-૧-૧૯ થી ૩૧-૧૨-૧૯ સુધીમાં જિલ્લામાં ૯૨.૦૮ લાખનો અને ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ૨. ૬૨.૨૯ લાખનો ખર્ચ થયેલ છે.

● **સરકારી જમીનની ફાળવણી**

ગાંધીનગર જિલ્લામાં ૧૩-૧૨-૨૦ની સ્થિતિએ સરકારી જમીનની ફાળવણી અંગે કોંગીના ડૉ. સી.જે. ચાવડાએ પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૯માં સરકારી પડતર જમીન ૪,૨૭,૩૩૫ ચો.મી. જગ્યા શૈક્ષણિક હેતુ અને સહકારી મંડળીના ગોડાઉન હેતુ ફાળવવામાં આવી છે.

મંત્રીએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં ગૌચરની જમીન ૭૪૨૦ ચો.મી. નવા પ્રા.આ. કેન્દ્રના બાંધકામ માટે અને ઔદ્યોગિક હેતુ માટે ફાળવવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# વક્તને કિયા ક્યા હસી સિતમ હમ રહે ન હમ, તુમ રહે ન તુમ

## રાજ્યપાલશ્રીના સંબોધનના આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપતા મુખ્યમંત્રીએ સરકારની વિકાસ યાત્રાની સાથોસાથ રાજકીય અવલોકનો પણ કર્યા હતા : ફિલ્મી ગીતો, શાયરીઓ અને કટાક્ષ દ્વારા કોંગ્રેસ પર ચાબખા માર્યા હતા

ગાંધીનગર,તા.૬

વિધાનસભા ગૃહમાં આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ના સંબોધન બાદ આભાર પ્રસ્તાવમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી બોલવા ઊભા થયા. રાજ્યપાલના સંબોધન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારે હાલમાં જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. તેના પરિણામોને અનુલક્ષીને મુખ્યમંત્રીએ ગૃહમાં ફિલ્મના ગીતની પંક્તિ ગાઈ હતી. તેમણે ગીત લલકારતા કહ્યું કે, વક્તને કિયા ક્યા હસી સિતમ હમ રહે ન હમ, તુમ રહે ન તુમ. જોકે, આ પંક્તિ તેમણે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસની હાર બદલ કહી હતી. તો પંક્તિમાં આગળ વધતા તેમણે કહ્યું કે, હાર પચાવવી અઘરી હોય છે, પણ જીતને પચાવી તેનાથી પણ વધારે અઘરી હોય છે. મુખ્યમંત્રીએ ગૃહમાં દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે, મને દુઃખ છે કે, મારા બંને મિત્રોને પરિણામ પછી રાજીનામા આપવા પડ્યા. રાજીનામાનો સ્વીકાર પણ કર્યો છે તેવું મીડિયામાંથી જાણ્યું છે. તેમને રાજીનામું આપવા પડે એનું મને દુઃખ છે. ગુજરાતમાં સતત ભાજપ સત્તામાં રહી છે એ પોલિટિકલ અભ્યાસનો વિષય છે. ૫૦ વર્ષથી સતત ભાજપ સાથે જ નકારાત્મક વોટની વાત કરવાવાળા લોકોએ પણ અભ્યાસ કરવો જોઈએ. હાર પચાવી અઘરી હોય છે પણ જીતને પચાવી તેનાથી પણ વધારે અઘરી હોય છે. અઢી દાયકામાં સરકાર કે ધારાસભ્ય ઉપર પણ કોઈ ભ્રષ્ટાચારનો દાગ લાગ્યો નથી. પોલિટિકલ પંડિત કાન ખોલીને સાંભળે અપેક્ષાઓથી અમે ડરનારા નથી, અમે કામ કરવાવાળા લોકો છીએ. તેમણે વધુમાં કહ્યું કે, રેવન્યુ અને પોલીસ માં ભ્રષ્ટ્રાચાર હતો તે દુર કરવાની લાગણી? હતી. તે મારી સરકાર દ્વારા દુર કરવામાં આવ્યા એટલે પ્રજાએ વિશ્વાસ કર્યો. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં ભાજપ આવ્યું છે. રાજ્ય સરકારે પાછી લીધી છે, તે પુનઃ આપવામાં આવશે નહિ. તો ધમણ વેન્ટીલેટરના વિવાદ અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પોતાના પર થતા આક્ષેપોનો જવાબ આપતા કહ્યું કે, ધમણમાં એક રૂપિયો આપ્યો નથી તો ભ્રષ્ટ્રાચાર થાય જ કેમ. ૩૧૦૦ કરોડનો ખર્ચ છેલ્લા એક વર્ષ દરમિયાન કોરોના મહામારીમાં કર્યો છે. ધમણમાં એક રૂપિયો ખર્ચ અમે કર્યો નથી તો ભ્રષ્ટાચાર કઈ રીતે થાય. ૯૦૦ ધમણ રાજકોટના વ્યક્તિઓ મફત આપ્યા છે. મફતમાં કઈ રીતે ભ્રષ્ટાચાર થાય એ ખબર નથી. આ ઢચુપચુ સરકાર નથી, પરંતું નિર્ણાયક સરકાર છે.

# ચ-૫ પાસે સેલ્ફી પોઈંટ ડેવલપ કરાશે

## સોમવારે સ્થાયી સમિતિની મહત્વની બેઠક, ચૂંટણી પૂર્વેની અંતિમ બેઠકમાં ૧૫ જેટલા કામો સમાવાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગરપાલિકાની સોમવારે સ્થાયી સમિતિની બેઠક મળનાર છે. મનપાની ચૂંટણી પૂર્વેની આ અંતિમ બેઠક હશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની આ સ્થાયી સમિતિની બેઠકમાં ૧૫ જેટલા મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળનારી આ સ્થાયી સમિતિમાં વિકાસના કામોને અગ્રતા આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ચ-૫ નજીક એક ખાસ સેલ્ફી પોઈંટ બનાવવાની દરખાસ્ત છે. સ્વ. વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની પ્રતિમા માટે મુકરર કરાયેલ આ સ્થાન પર હવે મનપા દ્વારા મેયરની ગ્રાન્ટમાંથી આઈ લવ માય ગાંધીનગરની થીમ પર એક સેલ્ફી પોઈંટ ડેવલપ કરવામાં આવશે. આ સેલ્ફી પોઈંટના નિર્માળ પાછળ રૂ. ૧૫ લાખ જેટલો ખર્ચ કરવામાં આવનાર હોવાનું પણ જાણવા મળેલ છે.

એક જમાનામાં ચ-૫નો વિસ્તાર સત્યાગ્રહીઓથી ઓળખ પામ્યો હતો તે પછી ત્યાં શહેરમાં પ્રથમ ફુવારો લગાવવામાં આવ્યો હતો. જો કે હવે ચ-માર્ગ ખુબ વિકસીત થઈ ગયો છે તેમજ જીવરાજ મહેતા ભવનમાં પણ હવે બ્લોકોના નિર્માણ પછી અહિ હરિયાળી ઘટી છે. હવે ગ્રીન સીટી ગાંધીનગરમાં સેલ્ફી પોઈંટ બનશે.

આ બેઠકમાં પશુધન માટે ઘાસચારો પુરૂ પાડવાના ટેન્ડરને, ગાંધીનગર શહેરમાં નવા સમાવિષ્ટ વિસ્તારોને પાઈપલાઈનથી પેયજળનો પુરવઠો પુરો પાડવા તેની નિભાવણી જાળવણી સહિતના ટેન્ડરને મંજૂરી આપવામાં આવશે.



ઓનોખો સંબંધ - તસવીર ભલે સામાન્ય લાગતી હોય પરંતુ સંબંધ અસામાન્ય છે... આ વફાદાર પ્રાણી સતત શ્રમિકની સાથે હરેફરે છે... સવારથી રાત સુધી પેડલરીક્ષા પર આજીવિકા કમાતા શ્રમિકનો સાથ ન છોડતા આ પાલતુ પ્રાણીનું જોડાણ દંતકથા સમાન છે... પતિ-પત્ની, ભાઈ-બહેન, ભાઈ-ભાઈ, ભાઈબંધ જેટલું સાથે નહિ રહેતા હોય એટલું આ 'જોડી' જોડે રહે છે... આ દશ્ય જોવા માટે દૂર નહિ પણ આપણા શહેરના ઘ-૨ વિસ્તારમાં જ જોવા મળશે...

# આસારામના કેસમાં વિડીયો કોન્ફરસથી સુનાવણી હાથ ધરાઈ

## સીડી મામલે આગામી ૨૦ માર્ચના રોજ વધુ સુનાવણી

ગાંધીનગર તા ૬

આસારામના દુષ્કર્મ કેસમાં આજે ગાંધીનગરની કોર્ટમાં સુનાવાણી હાથ ધરવામાં આવી હતી. દુષ્કર્મના કેસમાં સી ડી મામલે હાથ ધરાયેલી સુનાવણીની પ્રક્રીયા દરમિયાન જોધપુરની જેલમાં બંધ આસારમને વિડીયો કોન્ફરન્સીંગના માધ્યમથી જોડવામાં આવ્યા હતા. જયારે ગાંધીનગર કોર્ટે આ કેસ સંદર્ભે આગામી તા ૨૦ માર્ચના રોજ સુનાવણી કરવાનો આદેશ કર્યો છે.

બળાત્કાર કેસમાં જોધપુરની જેલમાં આસારામને આજે વિડીયો કોન્ફરસિંગના માધ્યમથી સુનાવણીની પ્રક્રીયામાં જોડવામાં આવ્યો હતો. આસારામ સામે આઠ વર્ષ અગાઉ યુવતિએ બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. સુરતમાં નોંધાયેલી આ ફરિયાદના અંતે અત્યાર સુધી સાક્ષીઓની જુબાની તેમજ યુવતિની ઉલટ તપાસ સહીતની કાર્યવાહી પુર્ણ થઈ ગઈ છે. ત્યારે આજે ગાંધીનગર કોર્ટમાં સીડી બાબતે સુનાવાણી હાથ ધરાઈ હતી. બળાત્કારના આરોપી આસારામ હાલ જોધપુર કોર્ટમાં સજા ભોગવી રહ્યો છે. આસારામના પુત્ર નારાયણ સાંઈ સામે પણ બળાત્કારની ફરિયાદ નોંધાઈ હતી ત્યારે આ કેસ સંદર્ભે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વન આરક્ષિત વિસ્તારમાં જોખમી વૃક્ષો અંગે સર્વે હાથ ધરાશે

## અગાઉ સર્વે દરમિયાન સમગ્ર શહેરમાં ૩૦૦ થી વધુ જોખમી અલબત્ત ઉભા સુકા વૃક્ષો હોવાનુ ધ્યાને આવ્યુ હતુ

ગાંધીનગર તા ૬

શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોમાં આંતરિક માર્ગો વચ્ચે નિખરતી હરિયાળી વચ્ચે ઉભા સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. જયારે છેલ્લા કેટલાક સમયથી વન આરક્ષિત વિસ્તારમાં પણ સુકા વૃક્ષોની સંખ્યા વધી છે. વન આરક્ષિત વિસ્તારમાં જોખમી વૃક્ષોની નમી પડેલી ડાળીઓ પણ અડચણરૂપ બની છે. જેને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા શહેરના ઉભા અને આડા માર્ગો આસપાસ જોખમી વૃક્ષો અંગે સર્વ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. જેના અંતે જોખમી વૃક્ષો દુર કરાશે.

શહેરમાં ઉભા સુકા વૃક્ષો જોખમી હાલતમાં હોવાનો આક્રોશ અનેકવાર સ્થાનિકોમાં ઉઠવા પામે છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ માર્ગો આસપાસ નમી પડેલા વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી દહેશત પણ નાગરિકોને સતાવી રહી છે. વરસાદી દિવસો દરમિયાન શહેરમા સંખ્યાબંધ વૃક્ષો ધરાશાયી થાય છે. જયારે આ દરમિયાન આ વૃક્ષો જાનલેવા પુરવાર થયા હોવાના પણ કિસ્સા છે. થોડા દિવસો અગાઉ ચ -૫ પાસે જોખમી વૃક્ષ અકસ્માતનુ કારણ બનતા આખરે વનતંત્ર દ્વારા દુર કરાયુ છે. શહેરના માર્ગો આસપાસ વૃક્ષોની નમી પડેલી તોતિંગ ડાળીઓ પણ વાહનચાલકો માટે અડચણ રૂપ બનતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. વરસાદી દિવસો દરમિયાન વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. વન આરક્ષિત વિસ્તારમાં પણ નવા રોપાઓ ઉછેરવા માટે આયોજન કરવામા આવે છે. પરંતુ નગરના ઉભા આડા માર્ગો આસપાસ હાલ સુકા અને જોખમી વૃક્ષોનુ પણ અસ્તિત્વ છે. જયારે શહેરમાં જોખમી વૃક્ષો અન્વયે બે વર્ષ અગાઉ સર્વે હાથ ધરાયો હતો જયારે આ દરમિયાન અંદાજિત ૩૦૦ જેટલા સુકા વૃક્ષો ધ્યાને આવ્યા હતા જયારે આ સ્થિતિ ધ્યાને લઈ હવે વનતંત્ર દ્વારા વધુ એકવાર સુકા અને જોખમી વૃક્ષોનો તાગ મેળવવા માટે સર્વે હાથ ધરવામાં આવશે. એકબાજુ વનતંત્ર દ્વારા મહાત્મા મંદિર પાસે નવ નિર્મિત હોટલને અનુલક્ષીને નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે.

જયારે નગરના મુખ્યમાર્ગો આસપાસ પણ નવા રંગબેરંગી ફુલો નિખરે તે માટે આયોજન કરવામાં આવે છે. એકબાજુ વિકાસના નામે સેંકડો હરિયાળા વૃક્ષોનુ નિકંદન વળી રહ્યુ છે. ત્યારે જોખમી વૃક્ષોને દુર કરવા પણ અનિવાર્ય છે. જેને અનુલક્ષી વનતંત્ર દ્વારા નગરના ઉભા અને આડા માર્ગો પર સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં સર્વે હાથ ધરી જોખમી વૃક્ષોની કટોતી માટે કામગીરી હાથ ધરવામાં આવશે.

# જિલ્લામાં બીજે દિવસે પણ ૧૨ કેસ : ૮ ને ડિસ્ચાર્જ

## ગાંધીનગર અને કલોલ તાલુકામાં ૩- ૩ કેસ નોંધાયા સે. ૧, ૩, ૪, ૮, ૨૨ અને ૨૬માંથી કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે સતત બીજી દિવસે ૧૨ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૬ અને ગાંધીનગર શહેરમાં ૬ કેસ નોંધાયા છે.

જિલ્લામાં ગાંધીનગર ઉપરાંત કલોલમાંથી છેલ્લા બે દિવસથી કેસો મળવાના શરૂ થતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૬ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૬ દર્દીમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગર તાલુકામાં ૩ અને કલોલ તાલુકામાં ૩ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના શિહોલીમોટી, કુડાસણ અને સરગાસણમાંથી કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં છત્રાલમાંથી બે કેસ અને નાંદોલી ગામેથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લામાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૪૧૩૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૬૮૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં પણ આજે છ કેસ મળી આવ્યા છે. આજે નોંધાયેલા છ કેસમાં ૪ કેસ રેપીડ એન્ટીજન ટેસ્ટ દરમ્યાન મળી આવ્યા હતા.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં બીગેસ ગિફ્ટસીટીનો કર્મયોગી, કુબેરનગર આઈટીઆઈના ઈન્સ્પેક્ટર તેમજ જીઆઈડીસી સે. ૨૬ના એક કર્મયોગીનો સમાવેશ થાય છે. આજે શહેરમાં એક મહિલા પણ સંક્રમિત થઈ છે.

શહેરમાં આજે સે. ૧, ૩, ૪, ૮, ૨૨ અને સે. ૨૬ માંથી કેસ મળી આવ્યા છે. શહેરમાં આજે મળેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે ૫૫ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# સે-૬ માં ભયજનક આવાસો ખાલી ન થતા નવા મકાનો બાંધવાનુ કામ વિલંબમાં

ગાંધીનગર તા ૬

શહેરમાં એકબાજુ જુના અને જર્જરિત આવાસો તોડીને નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. જુના અને જોખમી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી ત્યારે જુના તોડીને ખુલ્લી જગ્યામાં નવા મકાનો બાંધવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. પરંતુ સે-૬ માં જુના અને જોખમી મકાનો ખાલી કરાવાની પ્રક્રીયા તંત્ર માટે શિરદર્દ સમાન બની છે. કર્મચારીઓ મકાન ઝડપથી ખાલી ન કરતા આગળ નવા આવાસો બાંધવાની કામગીરી પણ વિલંબમાં પડી છે.

**લાંબા સમયથી આવાસો ખાલી કરાવવા તંત્રની મથામણ : સે-૬ માં હજુ પણ નવા આવાસો બનશે**

શહેરમાં નવા આવાસો બાંધવા માટે થોડા સમય અગાઉ જ સે-૨૯ માં સાઈટ નક્કી કરાઈ છે. વર્ષો જુના જર્જરિત આવાસો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. શહેરના મોટા ભાગના સેકટરોમાં સર્વેના અંતે જોખમી મકાનોની યોદી તૈયાર કરી દેવામાં આવી છે. જયારે તબક્કાવાર વિભાગ કક્ષાએથી મંજુરીના અંતે આવાસોનો કડુસલો કરવામાં આવી રહ્યો છે. ત્યારે જુના આવાસો તોડીને જગ્યા ખુલ્લી થાય તે મુજબ નવા મકાનો બાંધવા માટે પણ આયોજન કરવામા આવી રહ્યુ છે. પરંતુ આવાસો તોડવાની કામગીરી પુર્વે તંત્રએ જુના અને જોખમી આવાસો ખાલી કરાવાની કામગીરી માથાના દુખાવા રૂપ બની છે. વર્ષોથી રહેતા કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનો મકાન ખાલી ન કરતા નવા આવાસો બાંધવાની કામગીરી પણ વિલંબમાં પડે છે. સે-૬ માં પણ આવી જ સ્થિતિ છે. છેલ્લા દોઢ વર્ષથી સે- ૬ માં નવી આવાસ યોજનાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે હજુ પણ બી કક્ષાના નવા બ્લોક બાંધવા માટે કામગીરી કરવાની બાકી છે. પરંતુ હાલ સેકટરમાં નિકાલ હેઠળના જોખમી મકાનોમાં કર્મચારીઓનો વસવાટ છે. અંદાજિત ૨૫ જેટલા બ્લોક ખાલી કરાવાની પ્રક્રીયા લાંબા સમયથી અટવાઈ છે. જેના લીધે નવા આવાસો બાંધવાની કામગીરી પણ વિલંબમાં છે. સેકટરમાં પોલીસ કર્મચારીઓ સહીત અન્ય વિભાગના કર્મચારીઓને પણ છ તેમજ વિવિધ કક્ષાના આવાસોની ફાળવણી કરવામાં આવી હતી. પરંતુ જોખમી આવાસોના સર્વે બાદ આ તમામ મકાનો તોડવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે આ મકાનો ઝડપથી ખાલી ન થતા નવા બી કક્ષાના આવાસો બાંધવાનુ કામ પણ વિલંબમાં પડયુ છે.

ફ્લેટ વેચવાનો છે
સે.૧૪, બ્લોક નં. ૧૭/૧૯૪
1BHK, MIG ગ્રાઉન્ડ ફ્લોર, ગેસલાઈન, ફુલ ફર્નિચર, રીનોવેશન કરેલ,
૩૦ લાખ - શૈલેષભાઈ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com